આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં આંગણવાડી કેન્દ્રો ઉપર સુખડી બનાવી લાભાર્થીઓના ઘરે વિતરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઇસીડી/૧૧૨૦૨૦/૧૫૬૭૫૮/બ
સચિવાલય, ગાંધીનગર
તા.30/૦૫/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા:૧૭/03/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૨૦/૧૫૬૭૫૮/બ

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની તા:૨૮/૦૫/૨૦૨૦ની દરખાસ્ત

આમુખ:-

નોવેલ કોરોનો વાયરસ NCOVID-19 સામે સાવચેતીના પગલા રૂપે સરકારશ્રી દ્વારા તા: ૧૬/03/૨૦૨૦ થી તમામ આંગણવાડીઓમાં બાળકોને બોલાવવાનું મોકુફ રાખ્યુ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી અન્ન સલામતિ કાયદો-2013 ને ધ્યાનમાં રાખી આંગણવાડીમાં આવતા ૧૬.૧૮ લાખ બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં બાલશક્તિ ટેક હોમ રેશન આપવામાં આવેલ છે.

તા.૧૬/03/૨૦૨૦ થી તા.3૧/૦૫/૨૦૨૦ સુધીમાં ૧૬,૫૨૫ મેટ્રીક ટન બાલશક્તિ ટી.એચ.આર.નું વિતરણ ૩ થી ૬ વર્ષના બાળકોમાં કરેલ છે. પરંતુ ૧૬/03/૨૦૨૦ થી આંગણવાડી કેન્દ્રો બંધ રહેવાના કારણે અનાજ અને તેલનો જથ્થો આંગણવાડી કેન્દ્રોમાં બચત રહેલ છે. ચોમાસાની સીઝન નજીકમાં હોવાથી આંગણવાડી કેન્દ્રોમાં બચત રહેલ જથ્થાનો ઉપયોગ થાય તે જરૂરી છે. આથી આંગણવાડી કેન્દ્રો પર બચત રહેલ અનાજ અને તેલના જથ્થાનો ઉપયોગ કરી આંગણવાડી કેન્દ્રો ઉપર સુખડી બનાવી ૩ થી ૬

ARChristian

વર્ષના બાળકોને ઘરે વિતરણ કરવામાં આવે તો જથ્થાનો યોગ્ય વપરાશ થઈ શકે તથા અન્ય કોઇ નાણાંકિય બોજ સરકાર ઉપર ન આવે તે બાબતની વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ :-

આંગણવાડી કેન્દ્ર પર આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને હાલમાં ગરમ નાસ્તાની અવેજીમાં આપવામાં આવતા બાલશક્તિ ટેક હોમ રેશનના બદલે આંગણવાડી કેન્દ્રમાં ઉપલબ્ધ અનાજ અને તેલના જથ્થાનો ઉપયોગ કરી અઠવાડિયામાં સુખડી તૈયાર કરી બાળક દિઠ એક અઠવાડિયાની એક કિલોગ્રામ સુખડી પ્રમાણે જુન-૨૦૨૦ સુધી આંગણવાડી કેન્દ્રો ઉપરથી પૂરક પોષણના ધોરણો જળવાઇ રહે તે મુજબ આંગણવાડી કાર્યકર/તેડાગર દ્વારા સુખડી બનાવી ૩ થી ૬ વર્ષના બાળકોને ઘરે વિતરણ કરવાનું રહેશે. આ માટેનો ખર્ચ જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. તેમજ આ માટે વખતો-વખત આપવામાં આવતી સુચનાનું પાલન કરવાનું રહેશે.સરકારશ્રીની તા. ૩૦/૦૫/૨૦૨૦ ની મંજુરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian
(અંકિતા ક્રિશ્ચિયન )
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય,ગાંધીનગર
(૨) માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવલાય, ગાંધીનગર

(3) માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

(૪) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવલાય, ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .....................

(૮) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ........................

(૯) વિભાગીય નાયબ નિયામકશ્રી(આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

(૧૦) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી,જિ. ..........

(૧૧) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ),મ્યુનિસિપલ કોર્પોરેશન,મ્યુ.કો...........

(૧૨) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૩) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ

(૧૪) શાખા સિલેક્ટ ફાઇલ